તાપમાન

	મહત્તમ	લઘુતમ
અંકલેશ્વર	૩૩.૦° સે.	૨૬.૦° સે.
બારડોલી	૩૨.૦° સે.	૨૬.૦° સે.
ભરૂચ	૩૪.૦° સે.	૨૭.૦° સે.
વ્યારા	૩૨.૦° સે.	૨૬.૦° સે.

રૂ.૫ લાખથી વધુનાં કામોનું ટેન્ડરિંગ જરૂરી, ટ્રાયબલની વહીવટીમાં પણ ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ, ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬ના ઠરાવ તથા સરકારની અદ્યતન ખરીદ નીતિના ઠરાવમાં પણ સ્પષ્ટ ટેન્ડરનો ઉલ્લેખ, અમલ કરાતો નથી



ઈ-ટેન્ડરથી કરાવવાનાં કામોમાં વહીવટીની ઘોર ઉપેક્ષા

ટ્રાયબલની શરતોનું ફીંડલું

વહીવટીનાં મનસ્વી ફાંટા પાડી જાણે સરકારી ગ્રાંટમાં સર્વોપરી હોય તેમ આશરે ૧થી ૧.૫ કરોડની વહીવટી મંજૂરીના કિસ્સામાં ૫ લાખની મર્યાદામાં કરી આ કામો ગ્રામ પંચાયતને ફાળવવાનાં કાવાદાવા રચવામાં કેટલાક ટીડીઓ તલ્લીન!

વ્યારાઃ તાપી જિલ્લામાં ટ્રાયબલની ગ્રાંટનો દુરુપયોગ ન થાય, સરકારી નિતીનિયમોને આધિન કામો થાય માટે પ્રાયોજના વહિવટદારે યોજનાઓની અમલવારીમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ, ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬ ના ઠરાવ તથા સરકારની અદ્યતન ખરીદ નિતીના ઠરાવ અનુસાર નાણાંકીય ઔચિત્યના નિયમ જાળવી તેનો અમલ કરવાનો હોય છે પરંતુ અમુક તાલુકા પંચાયતનાં ટીડીઓ પોતાની મળતિયા એજન્સીને કામો આપવા રૂ.૫ લાખ સુધીનાં ગ્રામ પંચાયતને વગર ટેન્ડરે કામો કરવાનાં રાજ્ય સરકારનાં પરિપત્રનો મનસ્વી અર્થઘટન કરી ટ્રાઈબલનાં કામો ગ્રામ પંચાયતોને ફાળવી મળતિયાઓને બખ્ખાં કરાવવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વગર ટેન્ડરે માત્ર રૂ.૫ લાખ સુધીનાં કામોની છૂટ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના પરિપત્રથી ગ્રામ પંચાયતને અપાઈ છે, તેની આડમાં ટ્રાઈબલની ગ્રાંટમાં ઈ-ટેન્ડરથી કામ કરવાની વહિવટી શરતોની ઘોર ઉપેક્ષા કરતાં ખાયકીનાં ખેલથી ભ્રષ્ટાચારને છૂટો દૌર મળ્યો છે.

રાજ્ય સરકારે રૂ.૫ લાખ સુધીમાં આંતરિક ગ્રામ રસ્તા, સિંચાઈના જળસ્ત્રોતો, સામૂહિક વિકાસ, આરોગ્ય સેવા, શાળાના ઓરડા, પંચાયતઘર, કોમ્યુનિટી હોલ, પીવાનું પાણી, નાળા જેવા સ્થાનિક વિકાસ અને વિકાસની ખૂટતી કડીઓના કામો તથા આયોજન મંડળ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને અમલીકરણ એજન્સી તરીકે સોંપવામાં આવતા કામો કરવા છૂટ અપાઈ છે. પરંતુ અમુક તાલુકા વિકાસ અધિકારી આનું મનસ્વી અર્થઘટન કરી ટ્રાયબલનાં પાંચ લાખથી વધુનાં કામોની વહિવટીમાં મનસ્વી રીતે ફાંટા પાડી જાણે સરકારી ગ્રાંટમાં સર્વોપરી હોય તેમ ૧ થી ૧.૫ કરોડની વહિવટી મંજૂરીનાં ૫ લાખની મર્યાદામાં કામોની વહેંચણી કરી ગ્રામ પંચાયતનાં નામે મળતિયાઓને સીધો ફાયદો કરાવી રહ્યા છે.

મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજનાના આયોજનની તા. ૨૪/૦૯/૨૦૨૪ ની તાપી જિલ્લાની સમિતિની બેઠકમાં ટેન્ડરથી કામો કરાવવાની નોંધ કરાઈ. જેમાં સરકારના મજૂર અને સમાજ કલ્યાણ અને આ.વિ.વિ.ના ઠરાવ, સરકારના આ.વિ.વિભાગના ગાંધીનગરના ઠરાવ, તાલુકા વિકાસ અધિકારીના બાંધકામનાં પત્રોનો અભ્યાસ કરી વહીવટી મંજૂરી આદેશમાં પ્રાયોજના વહીવટદારે વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ માન્ય દાવેદાર લાભાર્થીઓ માટે આ ખેડૂત ઉત્કર્ષ યોજનાનું આયોજન મંજૂર કર્યું. કામોની સૈધ્ધાંતિક મંજૂરી આપતા અમીલકરણ અધિકારી તાલુકા વિકાસ અધિકારી દ્વારા તાંત્રિક મંજુરી સહ દરખાસ્ત રજુ કરાઈ. આ યોજનાનાં અમલ માટે ટીડીઓને કેટલીક શરતોને આધિન વહીવટી મંજૂરી અપાઈ. શરતમાં પણ ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ, રાજ્ય ખરીદ નીતિના ઠરાવ અનુસાર નાણાંકીય ઔચિત્યના નિયમ જાળવી તેનો અમલ કરવા જણાવ્યુ છે, ત્યારે વહિવટી આદેશનો અમલ થાય તે જોવાની સમ્પુર્ણ જવાબદારી પ્રાયોજના વહિવટદારની પણ છે.

આદિ આદર્શની બોર વિથ ટાંકીનાં કામો ઇ-ટેન્ડર વિના માનીતી એજન્સીને ફાળવ્યાં

ટ્રાઇબલની કચેરી દ્વારા તાલુકા પંચાયતને અપાયેલ વહિવટીમાં સરકારનાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ, ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬ ના ઠરાવ, સરકારની અદ્યતન ખરીદ નીતીના ઠરાવનાં અમલનો સ્પષ્ટ ઉલ્લેખ છતાં તાલુકા પંચાયતને કામો ફાળવાતા જ તમામ નિયમો બદલાઇ જાય છે. અમુક તાલુકા પંચાયતે કેટલાંક ટેન્ડર વગર કરી પણ દીધા અને નાણાં પણ ચૂકવાઇ ગયા. બહુચર્ચિત આદિ આદર્શની બોર વિથ ટાંકીનાં ટ્રાયબલનાં ૫ લાખથી વધુના કામો ગ્રામપંચાયતનાં નામે ઇ- ટેન્ડર વિના માનીતી એજન્સીને ફાળવ્યા છે.

કામો ટેન્ડર વગર થયાનું ધ્યાને આવ્યું છે

મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજનાના બોરનાં કામો ટેન્ડર વગર થયાનું ધ્યાને આવ્યું છે, કામો ગ્રામપંચાયત હસ્તક કરવામાં આવશે.

- ટીડીઓ, સોનગઢ, જિ.તાપી

સ્વચ્છ સર્વેક્ષણમાં બારડોલી નગરપાલિકા રાષ્ટ્રીય સ્તરે 77મા ક્રમે

રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરના સરેરાશ સ્કોર કરતાં વધુ સ્કોર મળ્યા, હજી અનેક સુધારા કરવા જરૂરી

બારડોલીઃ સ્વચ્છ સર્વેક્ષણ 2024-25 અંતર્ગત બારડોલી નગરપાલિકાએ ગત વર્ષ કરતાં ઉત્કૃષ્ટ દેખાવ કરી રાષ્ટ્રીય કક્ષાએ 77મું અને રાજ્ય કક્ષાએ 21મું સ્થાન હાંસલ કર્યું છે, જો કે હજી અનેક ક્ષેત્રમાં પાલિકાએ સુધારા કરવાની જરૂર જણાય છે. GFC સ્ટાર રેટિંગમાં હજી પણ એક જ સ્ટાર છે. જેમાં વધારો કરવો જરૂરી છે.

બારડોલી નગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણને લઈ કરવામાં આવેલા પ્રયાસોનો થોડા અંશે ફાયદો આ પરિણામમાં ફાયદો જોવા મળ્યો હતો.

સ્વચ્છ સર્વેક્ષણ 2023-24માં બારડોલી નગરપાલિકાનો રાષ્ટ્રીય ક્રમ 1299મો હતો. ઉત્કૃષ્ટ દેખાવ કરી ચાલુ વર્ષે 824 માંથી 77મું સ્થાન મેળવ્યું હતું. જ્યારે રાજ્ય કક્ષાએ પણ 51માંથી 21મું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. થોડા અંશે થયેલો સુધારો નગરપાલિકા દ્વારા લેવામાં આવેલા કેટલાક પગલાંને કારણે જોવા મળ્યો હતો. જો કે હજુ વ્યવસ્થિત રીતે સ્વચ્છ સર્વેક્ષણ માટે મહેનત કરવામાં આવે તો પ્રથમ હરોળમાં પણ આવી શકે છે.

સૂકો અને ભીનો કચરો અલગ કરવામાં પાલિકાની કામગીરી નબળી

ડોર ટુ ડોર કચરા કલેક્શનમાં નગરપાલિકાનો સારો દેખાવ રહ્યો હતો. સિટી રિપોર્ટ કાર્ડમાં 99% ગુણ આપવામાં આવ્યા છે. જો કે સ્ત્રોત અલગીકરણ એટલે કે સૂકા ભીના કચરા અલગ કરવામાં પાલિકાનો દેખાવ ખૂબ જ નબળો જણાયો છે. આમાં પાલિકાને માત્ર 48 ટકા જ મળ્યા છે. જ્યારે કચરાનું ઉત્પાદનની સામે પ્રક્રિયામાં 100 ટકા, ડમ્પસાઇટ્સના ઉપચારમાં 100 ટકા, રહેણાક વિસ્તારમાં સફાઈમાં 100 ટકા, માર્કેટ એરિયામાં સફાઈમાં 100 ટકા, જળ સ્ત્રોતની સ્વચ્છતામાં 100 ટકા અને જાહેર શૌચાલયમાં 75 ટકા મળ્યા છે. આમ પાલિકાએ સૂકા અને ભીના કચરાને અલગ કરવા પર તેમજ જાહેર શૌચલયની સફાઈ પર હજુ વધુ કામ કરવું પડશે.

ઉચ્છલના બાબરઘાટ- છાપટી- ચીખલી રોડ પર ડાયવર્ઝન અપાયું

વ્યારાઃ ઉચ્છલના બાબરઘાટ- છાપટી- ચીખલી મેઈન રોડ પર કોઝવેના સ્થાને નવો સ્લેબ ડ્રેઈન બ્રિજનું કામ ચાલુ છે. ચોમાસા દરમિયાન આ ખાડીમાં પૂરનું પાણી કામચલાઉ ડાયવર્ઝન માટે જોખમરૂપ હોવાથી, આ રસ્તો ઉપયોગમાં લઈ શકાય તેમ નથી. જેથી ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવ્યો છે. જિલ્લા મથક તથા ઉચ્છલ તાલુકા ખાતે અરવજવર માટે બાબરઘાટ, મોલીપાડા ગામના લોકોએ નૂરાબાદ તરફ જવા માટે બાબરઘાટ ઉચ્છલ-નિઝરના રસ્તે મોગલબારા થઈને અને નૂરાબાદ ગામના લોકો બાબરઘાટ, મૌલીપાડા જવા માટે, નૂરાબાદથી મોગલબારા થઈ બાબરઘાટ, મૌલીપાડા રોડનો વૈકલ્પિક માર્ગ તરીકે ઉપયોગ કરી શકશે. આ જાહેરનામું તા.૧૩/૦૯/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આમણીયાની શાળામાં વિદ્યાર્થિની સાથે છેડતી પ્રકરણના બંને આરોપી કસ્ટડીમાં ધકેલાયા, એક દિવસનાં રિમાન્ડ

પોક્સોનો આરોપી વિદ્યાર્થીનીના પરિવારજનો સાથે મોડી રાત સુધી શું કરતો હતો? ફાંસો કે હત્યા? ઘુંટાતું રહસ્ય

વ્યારાઃ ડોલવણનાં આમણીયાની વનવાસી માધ્યમિક શાળામાં ધો. ૧૨ની ૧૭ વર્ષિય આહવાની એક વિદ્યાર્થીની સાથે શારીરિક અડપલાં- છેડતીનાં પ્રકરણમાં પોકસો એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં રસોઇયાઓ ધીરુ દેડુભાઇ કોંકણી (ઉ.વ.૫૭, રહે., વાંકી ફળિયુ, આંબાપાણી, તા.ડોલવણ) અને રમેશ ઉલસિયાભાઇ કરંડેલ (ઉ.વ.૩૭, રહે., બરહામપાડા ફળિયું, આંબા જંગલગામ, તા. કપરાડા, જિ.વલસાડ)ને કસ્ટડીમાં લઈ પોલીસે કોર્ટ સમક્ષ રજૂ કરતાં આ બંનેનાં એક દિવસનાં રિમાન્ડ મળ્યા છે.

આમણીયા ગામની આજ પ્રાથમિક શાળામાં ભણતી અનિશા ઉમેશભાઈ કોંકણીની ફાંસો ખાવાની ઘટનામાં આવા કેટલાંક રહસ્યો છૂપાઇ ગયા છે. અનિશાને હોસ્ટેલમાંથી તાબડતોબ રજા અપાવી ઘરે લઈ જવાની ઘટના અને ઘરે લાવ્યા બાદ પોસ્કોનાં આરોપી સાથે પરિવારજનોની મોડી રાત સુધીની ગોષ્ઠી અને ત્યારબાદ બીજા દિવસે જ સવારે પરિવારનાં સભ્યોની ગેરહાજરીમાં યુવતી ફાંસો ખાધેલી હાલતમાં મળી આવવાની ઘટના અને આ ઘટનામાં બેગમાં ફાંસો ખાવામાં વપરાયેલી રસ્સીનો ટુકડો તેમજ જમીનનાં તદન નજીક યુવતીનાં પગ, ફાંસો બાદ આંખ કે જીભ બહાર ન નીકળવા જેવી તમામ બાબત શંકા ઉપજાવનારી છે. જોકે, પોલીસ તપાસ અને પોસ્ટમોર્ટમ બાદ આવા અનેક રહસ્યોનો પર્દાફાશ થશે.

તબીબે કરેલ શારીરિક પરિક્ષણ અને તબીબો દ્વારા પેનલમાં કરવામાં આવેલા પોસ્ટમોર્ટમનાં રિપોર્ટ યુવતીની શારીરિક સ્થિતી અને તેની મોતનું રહસ્ય ખોલી દેશે. પોસ્કોનો આરોપી શાળાની અન્ય વિદ્યાર્થીનીનાં સમ્પર્કમાં ન આવે કે અન્ય પુરાવાનો નાશ ન કરે, તેવી પોલીસની ગતિવિધી જરૂરી હતી. મુક્તપણે ફરતાં પોસ્કોનાં આરોપીઓ યેનકેન પ્રકારે શાળાની અન્ય વિદ્યાર્થીનીઓ પર દબાણ બનાવવા લાંબા સમય સુધી ધમપછાડા કરતા રહ્યા. નિર્દોષ તરુણીનો જીવ પણ ગયો છે. ત્યારે યુવતીનાં માતા- પિતાની કડકાઇથી પૂછપરછ થાય તો કદાચ યુવતીનાં મોતનું સાચું કારણ બહાર આવી જાય તેમ છે.

સરપંચનાં ઘરે મિટિંગની વાતને સરપંચ બાપુ કોંકણીએ નકારી

મીડિયા સમક્ષ વ્યારા ડીવાયએસપીએ સરપંચનાં ઘરે મીટિંગ થયાનું અને મોતને ભેટેલી યુવતી સરપંચનાં સગામાં હોવાનું જણાવ્યું હતું. જોકે, આમણીયા જૂથ ગ્રામપંચાયતના સરપંચ બાપુભાઇ કોંકણીએ આ વાતને નકારી કાઢી છે. તેઓનાં ઘરે આ યુવતીનાં સગાની કોઇ બેઠક થઈ નથી. જોકે, યુવતિનાં પરિવારજનોની બેઠક અન્ય વ્યક્તિનાં ઘરે થઈ હતી, તે કદાચ પૂર્વ સરપંચ હોઇ શકે. જોકે, તમામના જવાબો લેવાયા છે.

ઝઘડિયાની ઈન્દોર ગ્રામ પંચાયતની ગેરરીતિ અને ગેરકાયદે પ્રવૃત્તિઓના આક્ષેપ

કલેક્ટરને આવેદન આપી કાર્યવાહીની માંગ કરવામાં આવી

ભરૂચઃ ઝઘડિયાની ઈન્દોર ગ્રામ પંચાયતની ગેરરીતિઓ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ હેઠળ ખોટા ઠરાવ કરી ગોચર જમીન દૂર ફાળવવા સામે વિરોધ વ્યક્ત કરી પશુપાલકો સાથે ગ્રામજનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી કાર્યવાહીની માંગ કરી હતી.

જિલ્લા કલેક્ટરને પાઠવવામાં આવેલ આવેદનપત્રમાં જણાવાયું છે કે માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 હેઠળ મેળવેલા દસ્તાવેજો દ્વારા ગેરરીતિઓ સામે આવી છે. તા. ૦૯/૦૫/૨૦૨૫ના રોજ ઈન્દોર ગ્રામ પંચાયતે એક સામાન્ય બેઠકને ગ્રામસભા તરીકે ખપાવી, આ બેઠકની જાણ ફક્ત સરપંચના અંગત લોકોને તત્કાળ ધોરણે આપવામાં આવી અને ગામના મોટાભાગના લોકોને અજાણ રાખવામાં આવ્યા. બેઠક ગ્રામ પંચાયતના મકાનને બદલે નવી વસાહતના ખૂણે ખાંચે યોજાઈ હતી. ગેરહાજર લોકોની ખોટી સહીઓ કરીને ખોટા ઠરાવો લખવામાં આવ્યા. સરપંચ, તલાટી અને સભ્યો જાહેર હિતનો ખોટો આડંબર કરી ઠરાવો લખેલ છે જેમાં ખાનગી એકમને ફાયદો પહોંચાડવા જમીનની ફાળવણી કરવામાં આવી છે. ઈન્દોર ગામથી વેલુગામનું અંતર 5 થી 7 કિલોમીટર જવવા આવવા 10 થી 14 કિમી નું દૂરનું અંતર થઈ જાય. પશુઓને ચારણ માટે દૂરની જમીને (જગ્યાએ)લઈ જવા-લાવવામાં અત્યંત અગવડરૂપ છે.

આ ગેરરીતિઓ અને RTIના પુરાવાઓના આધારે, ગુજરાત પંચાયત અધિનિયમ, 1993ની કલમ 179 અને 180 હેઠળ સરપંચ અને સંબંધિત સભ્યોની ગેરવર્તણૂકની તપાસ કરીને તેમનું તાત્કાલિક સસ્પેન્શન કરવામાં આવે તેમજ જવાબદારો સામે જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

વ્યારાથી ગુમ યુવકનો મૃતદેહ બારડોલીના સિંગોદ નહેરમાંથી મળ્યો

બારડોલીઃ બારડોલીના સિંગોદ ગામે કડોદ-મઢી માર્ગ પર આવેલા કાકરાપાર ડાબાકાંઠાની નહેરમાંથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકના ખિસ્સામાંથી આધાર કાર્ડ મળી આવ્યો હતો. જેમાં તેનું નામ કુંજન મોહનભાઈ ચૌધરી (ઉ.વ. 43) અને તે વ્યારાના પાનવાડીનાસી હોવાનું જાણવા મળ્યું હતું. આથી પોલીસે પરિવારનો સંપર્ક કરતાં પરિવારના સભ્યો કડોદ રેફરલ હોસ્પિટલ ખાતે આવી મૃતકની ઓળખ કરી હતી. પરિવારના સભ્યોએ પોલીસને જણાવ્યું હતું કે, બુધવારના રોજ સાંજે વ્યારા બજારમાંથી દહીં લઈને આવું છું, એમ કહી પોતાની મોપેડ લઈને નીકળ્યા હતા. ત્યારબાદ સાંજે પોતે વ્યારા રેફરલ હોસ્પિટલમાં હોય તેના ભાઈને લેવા માટે બોલાવ્યા હતા. ભાઈ તેને લેવા જતાં તેઓ ત્યાં મળ્યા ન હતા. ફોન કરવા છતાં તે ફોન રિસીવ કરતાં ન હતા. દરમિયાન બીજા દિવસે ગુરૂવારના રોજ યુવકનો મૃતદેહ બારડોલીના સિંગોદ ગામ નજીક નહેરમાંથી મળી આવ્યો હતો. જો કે, કુંજનનું મોત કઈ રીતે થયું, તે નહેરમાં કઈ રીતે પડ્યા કે પછી આત્મહત્યા કરી તે જાણવા માટેના પોલીસ દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને વિશ્વ આદિવાસી દિનની રાજ્ય કક્ષાની ઉજવણી થશે

હિતેશ પટેલ

માંડવીઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષસ્થાને માંડવી ખાતે તા.૯ ઓગષ્ટ- વિશ્વ આદિવાસી દિનની રાજ્યકક્ષાની ઉજવણી થશે. આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને માંડવી તાલુકા પંચાયત ખાતે ઉજવણીના આયોજન અને પૂર્વતૈયારી અંગે બેઠક યોજાઇ હતી. બેઠકમાં સાંસદ પ્રભુભાઈ વસાવા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. માંડવી નગરપાલિકા ગ્રાઉન્ડ ખાતે થનારી વિશ્વ આદિવાસી દિનની ઉજવણીની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી. આદિવાસી બહેનો દ્વારા મુખ્યમંત્રીને રાખડી બાંધી રક્ષાબંધનના પવિત્ર તહેવારને પણ એ દિવસે આવરી લેવાનું આયોજન હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે પ્રાયોજના વહીવટદાર સુનીલ, પ્રાંત અધિકારી કૌશિક જાદવ, તા.વિ.અધિકારી રવિન્દ્રસિંહ સોલંકી, નાયબ ડીડીઓ (મહેસૂલ) પિયુષ પટેલ, મામલતદાર મિસ્ત્રી વિવિધ વિભાગોના કર્મચારી- અધિકારીઓ હાજર રહ્યા હતા.

ચાસવડ આશ્રમશાળા ખાતે આદ્યસ્થાપક મીઠુબેન પીટીટની 52મી પુણ્યતિથિએ કાર્યક્રમ યોજાયો

ભરૂચઃ કસ્તુરબા સેવાશ્રમ મરોલી આશ્રમશાળામાં સંસ્થાના આદ્યસ્થાપક મીઠુબેન પીટીટ (માઈજી)ની બુધવારે 52મી પુણ્યતિથિ કાર્યક્રમ થયો હતો. ડો.બોમી કાવીનાએ આ પ્રસંગમાં જણાવ્યું હતું કે મારા જીવનમાં આજનો દિવસ સર્વશ્રેષ્ઠ છે.અમારા પારસી સમાજના મીઠુબેન પીટીટ જેવી વિભૂતિએ તેમના જીવનકાળમાં સમર્પણભાવથી રચનાત્મક કામો કરતા તેઓ અમરત્વ થઇ ગયા. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અને માજી મંત્રી ખુમાનસિંહ વાંસિયાએ જણાવ્યું હતું કે આજે પણ કસ્તુરબા સેવાશ્રમ મરોલીના ચાર સેન્ટરો પર મીઠુબેન પીટીટ (માઈજી) અને કલ્યાણજીભાઈ મહેતાનું પુણ્ય તપે છે. આ કાર્યક્રમમાં મીઠુબેન પીટીટની પ્રતિમાને મહાનુભાવોએ સુતરની આંટી પહેરાવી હતી. જે કાર્યક્રમમાં ભરૂચથી એરિક શેઠના, ક્યુમન શેઠ, હિતેન્દ્રસિંહ રણા તેમજ નરેન્દ્રસિંહ રાજ ઉપસ્થિત રહ્યા હતા.

બારડોલીની વામદોત હાઈસ્કૂલમાં ભૌતિક વિજ્ઞાન નિદર્શન કાર્યક્રમ યોજાયો

બારડોલીઃ જનતા સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત એમ.બી. વામદોત એન્ડ સી.બી.પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ બારડોલી ખાતે ભૌતિક વિજ્ઞાન પ્રયોગ નિદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આર.એન.જી.પી.આઈ.ટી. તાજપોર કોલેજના પ્રાધ્યાપકો પધાર્યા હતા. તેમણે ભૌતિક વિજ્ઞાનના કઠિન પ્રશ્નોને સરળતાથી વ્યવહારિક પ્રાયોગિક રીતે કેવી રીતે સરળ બનાવી શકાય તેની રજૂઆત પ્રયોગના માધ્યમથી કરી હતી તથા વ્યવહારમાં થતા ઉપયોગ વિશે વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

નેત્રંગના પ્રોહિ.ના ગુનામાં 7 વર્ષથી ફરાર આરોપી કપરાડાથી ઝડપાયો

નેત્રંગઃ નેત્રંગ પોલીસમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં ફરાર આરોપી ઇન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ રાણા હાલ વલસાડ જિલ્લાના કપરાડા ખાતે એક હોટલની બાજુમાં પંચરની દુકાન ચલાવે છે, જે બાતમીના આધારે એલસીબી પોલીસે પકડી લઇ અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસને સોંપ્યો હતો.

બારડોલી તેન ગામે ટ્રકની અડફેટે બાઈકચાલકનું મોત

બારડોલીઃ બારડોલી અસ્તાન ગામે પટેલ ફળિયામાં રહેતા પ્રદીપભાઈ બિપિનભાઈ રાઠોડ (ઉ.વ.35) બુધવારે રાત્રે બાઈક (નં. જીજે 19 એસી 2087) લઈને મિત્ર નિલેષ ગુણવંત રાઠોડ સાથે બારડોલી-સુરત રોડ પરથી પસાર થતાં હતા ત્યારે તેન ગામે રાત્રિએ પૂરઝડપે આવી રહેલી એક ટ્રક (નં. જીજે 16 ડબલ્યુ 8795)ના ચાલકે તેમની બાઈકને ટક્કર મારતા પ્રદીપ અને નિલેષને ગંભીર ઇજા થઈ હતી. પ્રદીપને સુરતની સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યા હતા. જ્યારે નિલેષની સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. બારડોલી ટાઉન પોલીસે ટ્રકચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માંડવીના કમલાપોર-ખંજરોલી રોડ પર દીપડાએ બાઈકચાલક પર તરાપ મારી

માંડવીઃ માંડવી તાલુકાના પિપરીયા ગામના પટેલ ફળિયામાં રહેતા ધર્મશભાઈ પટેલ પોતાના અંગત કામ અર્થે પોતાની યુનિકોન મોટરસાયકલ પર કદોડ ગયા હતા અને રાત્રિના સમયે પિપરીયા પરત જતી વેળાએ કમલાપોરથી ખંજરોલી રોડ પરથી પસાર થતાં અચાનક દિપડાએ તરાપ મારી હતી. જો કે મોટરસાઇકલ પૂરજોશમાં ભગાવતા ચાલકનો આબાદ બચાવ થયો હતો. પરંતુ દીપડાએ મોટરસાયકલનો દૂર સુધી પીછો કર્યો હતો. થોડા અંતરે એક કપચી ભરેલી ટ્રક આવતા તેની આગળ લટાર મારતો જોવા મળ્યો હતો. આ ઘટનાની જાણ ગામના ચિરાગ પટેલને કરતાં તેમણે ફ્રેન્ડસ ઓફ એનિમલ્સ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ જતીન રાઠોડ જણાવ્યા બાદ માંડવી વન વિભાગને જાણ કરી હતી અને વહેલી તકે આ વિસ્તારમાં પાંજરા ગોઠવી દીપડા-દીપડીને જબ્બે કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી હતી.

માંડવીમાં ઓવરસ્પીડ વાહનો પર પોલીસની તવાઈ

હિતેશ પટેલ

10 વાહન ડિટેઈન કરી મોડિફાઈડ સાઇલેન્સર કટાયાં

માંડવીઃ માંડવી નગરમાં હાઈસ્કૂલ તથા કોલેજના સમયે ઓવરસ્પીડમાં હંકારતા વાહનચાલકો તથા મોડિફાઈડ સાઈલેન્સરવાળા વાહનચાલકો સામે પોલીસે લાલ આંખ કરી હતી. જેમાં 10 જેટલાં વાહનોને ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી કરતાં ધૂમ સ્ટાઈલમાં બાઈક ચલાવનારાઓમાં ફફડાટ ફેલાયો હતો. માંડવી પોલીસ સ્ટેશનના પીઆઈ એ.એસ.ચૌહાણની સૂચના અનુસાર પોલીસ સ્ટાફે હાઈસ્કૂલ અને કોલેજના સમયે વોચ ગોઠવી હતી. તે દરમિયાન ધૂમ સ્ટાઈલમાં વાહન ચલાવનાર તથા મોડિફાઈડ સાઈલેન્સર વાહનો ધ્વનિ ફેલાવતા વાહનો જેવા MV ACT 207-07, DUND PAVTI-5500 BNS 2023 ne section 281-01 ને પોલીસે ડિટેઈન કરી આર.ટી.ઓ. મેમો આપી, કાયદેસરની કાર્યવાહી કરી હતી. ઉપરાંત વાહનોમાં રહેલા મોડિફાઈડ સાઈલેન્સરોને દૂર કરાવ્યા હતા.

કડોદરા પોલીસે મોબાઈલ સ્નેચરને ઝડપી પાડ્યો

પલસાણા : કડોદરા પોલીસે મોબાઈલ વેચવા માટે એક શખ્સ કડોદરા કૃષ્ણનગરથી કડોદરા ચાર રસ્તા તરફ આવી રહ્યો હોવાની બાતમાની આધારે પકડી પાડ્યો હતો. પૂછપરછમાં તેને પોતાનું નામ રાહુલ સંજય પટેલ (ઉ.વ.૨૦, રહે., ૧૦, સંજયભાઈની બિલ્ડિંગ, કૃષ્ણનગર, કડોદરા, બિહાર) જણાવ્યું હતું. પોલીસ તપાસમાં તેને કબૂલ્યું હતું કે દસ દિવસ પહેલા તેણે તાતીથૈયા ગામે શિવાંજલિ ઈન્ડસ્ટ્રીયલથી સોનીપાર્ક તરફ જતા રોડ પરથી એક ઈસમનો મોબાઈલ ફોન છીનવી લીધો હતો. પોલીસે તેની ધરપકડ કરી મોબાઈલ અને બાઈક મળી કુલ રૂ.59,000નો મુદ્દામાલ કબજે કરી આગળની તપાસ હાથ ધરી છે.

ઘરતી આબા અભિયાનમાં અનુસૂચિત આદિજાતિ દાવા અરજી મંજૂર કરવા રજૂઆત

વ્યારાઃ ઘરતી આબા અભિયાનમાં અનુસૂચિત આદિજાતિ દાવા અરજી મંજૂર કરવા કલેક્ટરને રજૂઆત થઈ છે. વ્યારા અને ડોલવણ તાલુકાના કેટલાંક ગામોના આગેવાનો, વન અધિકાર સમિતિના પ્રમુખ, મંત્રી અને સરપંચોએ જણાવ્યુ છે કે, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પરંપરાગત વનવાસી (વન અધિકારો માન્ય કરવા) અધિનિયમ 2006 ના પ્રકરણ રની કલમ-૩(૧) પેટા કલમ(ક) મુજબ વનવાસી અનુસૂચિત આદિજાતિ અથવા અન્ય પરંપરાગત વનવાસીના કોઈ સભ્ય નિવાસ સ્થાન અથવા જીવન નિર્વાહ માટે પોતે ખેતી કરવા માટેના વ્યક્તિગત અથવા સામાન્ય ભોગવટા હેઠળ વન્ય જમીન ધરાવવાનો અને તેમાં રહેવાનો અધિકાર ગણાય. તે મુજબ વ્યક્તિગત દાવા અને સામૂહિક દાવાઓના પ્રશ્નો રજૂ કર્યા હતા. 650 જેટલી દાવા અરજીઓ મંજૂર થઈ છે. બાકીની દાવા અરજીઓ પેન્ડિંગ છે તે દાવા અરજી મંજૂર થાય તેવી કાર્યવાહીની માંગ કરી છે. જિલ્લા કક્ષાની વન અધિકાર સમિતિની તા. 29/10/2010 ની બેઠકમાં માન્ય કરવામાં આવેલા ગામને મંજૂર થયેલા અધિકાર પત્ર આપવા પણ જણાવ્યું છે.

દીણોદ ગામે તૂટીને જમીન પર પડેલો વીજતાર અડી જતાં બે ભેંસનાં મોત, ખેડૂતનો બચાવ

થોડા સમય પહેલાં જ વેલાછામાં પણ તૂટી ગયેલા જીવંત વીજતારના કારણે એક ભેંસ મરી ગઈ હતી

ઉદાહ